



# જાણો છો?

# જેલીફિશ પેરેન્ટિંગ શું છે?!

બાળકની પહેલી પાઠશાળા ઘર હોય છે. અહીંથી જ એ લોકો સાથે કેવું વર્તન કરવું, સારું આચરણ, સમાજના રીતિરિવાજ, શિસ્ત વગેરે શીખે છે. પેરેન્ટ્સની ફરજ છે કે પોતાના બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે એનો યોગ્ય રીતે ઉછેર કરે. સમયની સાથે પેરેન્ટિંગની સ્ટાઈલ પણ બદલાતી જાય છે. પેરેન્ટિંગની રીત પણ દરેક ઘરમાં અલગ અલગ હોય છે. કોઈ બાળકો સાથે કડક વર્તન કરે છે તો કોઈ સંતાનને પૂરતી આઝાદી આપે છે. કોઈ બાળકની દરેક હિલચાલ પર નજર રાખે છે તો કોઈક બાળક સાથે મિત્ર જેવો વ્યવહાર રાખે છે ત્યારે આજકાલ 'જેલીફિશ પેરેન્ટિંગ' શબ્દ બહુ ચર્ચામાં છે. તમે જેલીફિશ જોઈ જ હશે અને આ શબ્દ સાંભળી તમને તરત જ દરિયામાં તરતી નરમ અને ઢીલી જેલીફિશ યાદ આવી હશે. મુલાયમ, આકારરહિત, લહેરો સાથે વહેતી જેલીફિશ ન તો તેજ ધારનો વિરોધ કરે છે અને નથી કોઈ સ્થાયી આકાર લેતી. કંઈક આ જ પ્રકારનો ભાવ આજકાલનાં ઘણાં પેરેન્ટ્સમાં જોવા મળી રહ્યો છે. આ પ્રકારની પરવરિશમાં માતાપિતા ન તો સંતાનને કોઈ ઠપકો આપે છે ન તો કોઈ પ્રકારના દિશાનિર્દેશ. નથી સંસ્કાર આપવા પર ધ્યાન આપતાં કે નથી શિખામણ આપતાં અલબત્ત માર્ક્સ અને ભણવા માટે તો હઠાગ્રહી હોય છે કંઈક છે તો એ છે પ્રેમ, સમજ અને બાળકો માટે ખુલ્લું આકાશ પરંતુ શું આવી પેરેન્ટિંગ સ્ટાઈલ બાળકોના વિકાસ માટે યોગ્ય છે? આવો જોઈએ આ મોડર્ન પેરેન્ટિંગ સ્ટાઈલના દરેક પાસાંને…

## જેલીફિશ પેરેન્ટિંગ શું છે?

પેરેન્ટિંગનો આ ટ્રેન્ડ પશ્ચિમી દેશોમાંથી આવ્યો છે. આ ટેક્નિકમાં એડોપ્ટબિલિટી અને ફ્લેક્સિબિલિટી હોવાથી એને જેલીફિશ નામ આપવામાં આવ્યું છે. એમાં પેરેન્ટ્સ એમને માટે કોઈ બાઉન્ડ્રીઝ બનાવતાં નથી. બાળકોને પોતાના અનુભવ પ્રમાણે શીખવા દેવામાં આવે છે. એનાથી એમની ક્રિયેટિવિટી અને કોન્ફિડન્સ બંને વધતો હોવાનું કહેવાય છે.

જેલીફિશ પેરેન્ટિંગની એ રીત છે જેમાં પેરેન્ટ્સ સંતાનો પ્રત્યે વધુ કોમળ, ભાવનાત્મક અને લચીલાં હોય છે. તેઓ બાળકો પર કોઈ પણ પ્રકારનાં બંધનો રાખતાં નથી. ન તો 'ના' પાડે છે, ન તો 'નિયમ' બનાવે છે. બાળક મોડે સુધી TV જોવા માંગે, સ્કૂલે ન જવાની જીદ કરે કે જમવાની ના પાડે તો જેલીફિશ પેરેન્ટ તેમના પર જોરજુલમ કરતાં નથી પરંતુ બાળકને જાતે પોતાને સમજવા અને નિર્ણય લેવા માટે પ્રોત્સાહિત કરે છે. આ પેરેન્ટિંગ સ્ટાઈલ 'સ્ટ્રક્ચર લેસ લવ' પર આધારિત હોય છે. મતલબ કોઈ પણ સ્ટ્રક્ચર વગરનો પ્રેમ. અનુશાસનની જગ્યાએ અહીં સમજ હોય છે, સજાની જગ્યાએ સંવાદ અને નિયંત્રણને બદલે સ્વતંત્રતા હોય છે. જ્યાં એક બાજુ જેલીફિશ પેરેન્ટિંગ સંતાનોને સ્વતંત્રતા આપે છે તો બીજી બાજુ એની સીમાઓ અને નુકસાન પણ છે. જે રીતે સમુદ્રમાં દિશા વગરની જેલીફિશ લહેરોના હવાલે હોય છે એ જ રીતે બાળકો સ્પષ્ટ માર્ગદર્શન વિના દિશાહીન બની શકે છે.

### એક નજર જેલીફિશ પેરેન્ટિંગના ફાયદા-નુકસાન પર…

## ફાયદા:

એનાથી પેરેન્ટ્સ અને સંતાનોનું બોન્ડિંગ મજબૂત થાય છે. બાળકોને ઈમોશનલ સપોર્ટ પણ મળે છે.

### ભાવનાત્મક સુરક્ષા

બાળકો જ્યારે જુએ છે કે તેમની વાતોને પૂરતું સમ્માન આપવામાં આવે છે, સાંભળવામાં આવે છે, સમજવામાં આવે છે તો એમનો આત્મવિશ્વાસ વધે છે. જેલીફિશ પેરેન્ટ્સ બાળકોની દરેક ભાવનાનું સમ્માન કરે છે. એનાથી બાળક કોઈ પણ ખંચકાટ વગર બોલતાં, પોતાના અભિપ્રાય વ્યક્ત કરતાં અને ફીલિંગ્સ શેર કરતાં શીખે છે.

### રચનાત્મકતા વધે છે

જ્યારે કોઈ નિયમ કે સીમાઓ નથી હોતી ત્યારે બાળકોની કલ્પના ઉડાન ભરવા માંડે છે. તેઓ નવા વિચારો રજૂ કરે છે, પ્રયોગ કરે છે અને પોતાના અનુભવમાંથી શીખે છે.

### કોમ્યુનિકેશન સ્કિલ વધે છે

આ પેરેન્ટિંગ સ્ટાઈલમાં સંવાદને બહુ મહત્ત્વ આપવામાં આવે છે. માતાપિતા બાળકોના મિત્ર બની જાય છે એનાથી બાળકો કોઈ પણ વિષય પર સંકોચ વિના વાત કરી શકે છે.

### આત્મનિર્ભરતા

જ્યારે બાળકો જાતે નિર્ણય લે છે ત્યારે એનામાં એક પ્રકારની આત્મનિર્ભરતા આવે છે. તેમને ખબર હોય છે કે પોતાના નિર્ણય માટે તેઓ જાતે જ જવાબદાર છે.

## નુકસાન:

### અનુશાસનની કમી

એનાથી બાળકો અનુશાસિત થતાં નથી. સીમાઓ વગર બાળક જીવનમાં જરૂરી શિસ્ત શીખી શકતું નથી. ક્યારે અટકવાનું છે, ક્યારે સમાધાન કરવાનું છે એ સમજવામાં એને મુશ્કેલી પડે છે.

### સીમાઓની અસ્પષ્ટતા

બાળકોને સ્પષ્ટ સીમાઓની આવશ્યકતા હોય છે. તેમના પર થોડાં બંધન, થોડી નજર રાખવી જરૂરી છે. જ્યારે તેમને શું સારું શું ખરાબ છે એ ખબર નથી હોતી ત્યારે તેઓ અસમંજસ અને અસુરક્ષામાં જીવે છે.

### જવાબદારીનો અભાવ

સ્વતંત્રતા ત્યારે જ ફાયદાકારક હોય છે જ્યારે તેની સાથે જવાબદારી પણ હોય. બાળક જ્યારે બધી વસ્તુ પોતાની મરજી મુજબ કરતું હોય ત્યારે એ જવાબદારીથી દૂર થઈ શકે છે.

### સમાજમાં તાલમેલમાં મુશ્કેલી

કોઈ પણ નિયમો વગર મોટાં થયેલાં બાળકો જ્યારે સામાજિક જીવનમાં પ્રવેશ કરે છે ત્યારે એ તેના અનુશાસન અને અપેક્ષાઓ સાથે ટકરાય છે. સામેવાળાની 'ના' ને કઈ રીતે સ્વીકારવી એ એને સમજ પડતી નથી. લોકો સાથે ડીલ કરવાની રીત એમને સમજાતી નથી. ઘણી વાર બાળકો પેરેન્ટ્સ અને બહારની વ્યક્તિ સાથે ખરાબ વર્તન પણ કરે છે.

## જેલીફિશ પેરેન્ટિંગ કઈ રીત કરશો?

જો યોગ્ય રીતે કરવામાં આવે તો જેલીફિશ પેરેન્ટિંગ ફાયદાકારક બની શકે છે. આ પેરેન્ટિંગ સ્ટાઈલ અપનાવવા ઈચ્છા રાખનારે પહેલાં તો એ સમજવું પડશે કે પરવરિશમાં થોડું સંતુલન જરૂરી છે. જેલીફિશ પેરેન્ટિંગનો અર્થ એ નથી કે તમે બધું છોડી દો. જેલીફિશ પેરેન્ટિંગ કરવાની યોગ્ય રીતે જોઈએ.

**જેલીફિશ પેરેન્ટિંગનો અર્થ છે એવી પરવરિશ જેમાં માતાપિતા બાળકને દરેક બાબતમાં વધારે છૂટ આપે છે**

### વાત કરો, આદેશ નહિ

બાળકને કોઈ સલાહ આપો તો ચોક્કસ પૂછો કે તને શું લાગે છે કે તારો અભિપ્રાય શું છે? એનાથી એ વિચારશીલ બનશે.

### સીમા નક્કી કરો પણ સજા ન કરો

કેટલીક વસ્તુઓ જરૂરી શા માટે છે એ બાળકને શાંતિથી સમજાવો. દા.ત. સૂવા-ભણવા-રમવાનો સમય.

### સાંભળતાં શીખો

જેલીફિશ પેરેન્ટિંગમાં સૌથી જરૂરી છે સાંભળવું. બાળકોને નિખાલસતાથી વાત કરવા દો. કેટલીક વાર એનો ગુસ્સો, જીદ કે રડવાનું એટલે પણ હોય છે કે પેરેન્ટ્સ સાંભળતાં નથી.

### પ્રોત્સાહિત કરો- સરખામણી નહિ

બાળકોની સરખામણી એના ભાઈ-બહેન, ફ્રેન્ડઝ સાથે ન કરો. એને પ્રોત્સાહિત કરો પણ સાથે એ પણ સમજાવો કે તમે એના પર નજર રાખો છો.

### સામેની વ્યકિતને માન-સન્માન આપો

અન્યની ઈચ્છાને માન આપો જેમ તમને તમારી સ્વતંત્રતા વ્હાલી છે તેમ સામેની વ્યકિતને સ્વતંત્રતા પણ મહત્ત્વની છે તમારી આઝાદી માટે તમે સામેની વ્યકિતની સ્વતંત્રતાની અવગણના ન કરો.